www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬૮ | ૨૭ ઓગસ્ટ, ૨૦૧૮, સોમવાર; શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### લોક સમતા પાર્ટીએ ગઠબંધનનો ઈશારો કર્યો

કેન્દ્રિય મંત્રી અને રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીના નેતા ઉપેન્દ્ર કુશ વાહાએ નવા રાજનીતિક ગઠબંધન તરફ ઈશારો કર્યો છે. ૨૦૧૯ની ચૂંટણી પહેલાં બિહારમાં ગઠબંધનનો સંકેત આપ્યો છે.

### સાંસદોની લોકપ્રિયતા જાણવા સર્વેક્ષણ

ભાજપ દિલ્હીના સાંસદોની લોકપ્રિયતા જાણવા સર્વેક્ષણ કરાવશે. ભાજપ ૨૦૧૯ની ચૂંટણીઓ જીતવા માટે તૈયારી કરી રહી છે. આ સર્વેક્ષણમાં ભાજપના સાંસદો દ્વારા કરાયેલા કાર્યો અને લોકો સુધી તેની પહોંચ મામલેના સવાલો પુછવામાં આવશે.

### વસુંધરા રાજેના કાફલા પર પત્થર ફેંકાયા

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેની કાફલા પર જોધપુર જિલ્લામાં પ્રદર્શનકારીઓએ પત્થર ફેંક્યા હતા. આ હુમલામાં તેમનો માંડ માંડ બચાવ થયો છે. ભાજપે આ માટે કોંગ્રેસને જવાબદાર ઠરાવ્યો છે.

### ઈરાકમાં આઈએસના દસ આતંકવાદીઓ માર્યા ગયા

ઈરાકના મોસુલમાં ઈરાકીસેના દ્વારા આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટના સ્થળો પર કરાયેલા હુમલાઓમાં ૧૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. અલ-શૌરા વિસ્તારમાં આઈએસ આતંકવાદીઓના ગુપ્ત સ્થળોને નિશાન બનાવાયા છે.

# સમગ્ર દેશ કેરળની સાથે ઉભો છે : મોદી

**એક સાથે ચૂંટણી યોજવાને લઇને ચર્ચા છેડાઈ જે સારા સંકેત છે : મન કી બાત કાર્યક્રમમાં મોદીએ એસસી-એસટી એક્ટ તથા ઓબીસી પંચને મોટી સિદ્ધિ ગણાવી : મોદીએ સંસદની પ્રોડક્ટિવીટી વધી હોવાનો દાવો કર્યો**



નવીદિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં સરકારની ઉપલબ્ધિઓ ફરી એકવાર ગણાવી હતી અને કહ્યું હતું કે, અમે દશકો જુની માંગને પૂર્ણ કરીને ઓબીસી પંચ બનાવી ચુક્યા છે. સાથે સાથે તેને બંધારણીય દરજ્જો પણ આપી ચુક્યા છીએ. એટલું જ નહીં એસસી અને એસટી એક્ટ સુધારા બિલને પસાર કરવાને લઈને પણ સરકારની મોટી સિદ્ધિ રહી છે. આના પરિણામ સ્વરુપે ગરીબો અને દલિતોને અત્યાચારથી બચાવી શકાશે. મોદીએ મન કી બાત કાર્યક્રમના ૪૭માં કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી જેમાં દેશમાં એક સાથે ચૂંટણી યોજવા, વાજપેયી સરકારની સિદ્ધિઓ, સંસ્કૃતિ દિવસ, શિક્ષક દિવસની વાત કરી હતી.

મોદીએ મન કી બાત કાર્યક્રમમાં લોકસભાની પ્રોડક્ટિવીટી ૧૧૮ ટકા રહેવા અને રાજ્યસભાની પ્રોડક્ટિવીટી ૭૪ ટકા રહેવાની વાત કરી હતી. મોનસુન સત્રમાં પ્રોડક્ટિવીટીને લઈને મોદીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, વધારે સારુ કામ મોનસુન સત્રમાં થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસ ગઠબંધનમાં ઉભી તિરાડ

**કુમારસ્વામીનો દાવો-ત્રણ સપ્ટેમ્બરના રોજ નવા મુખ્યમંત્રી શપથ લેશે : મુખ્યમંત્રીને લઈ આર-પારની લડાઈ શરુ**



બેંગ્લોર,તા.૨૬

કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસ ગઠબંધનની સરકારમાં બધું જ બરાબર ચાલી રહ્યું નથી. આવનારા દિવસોમાં બંને પક્ષોના નેતા કંઈકને કંઈક બોલી રહ્યાં છે તેના પરથી સ્પષ્ટ સંકેત મળી રહ્યાં છે કે ગઠબંધન ગમે ત્યારે તૂટી શકે છે. મુખ્યમંત્રી એચ.ડી.કુમારસ્વામીએ કહ્યું કે સપ્ટેમ્બરમાં રાજ્યમાં નવા મુખ્યમંત્રી શપથ લઈ શકે છે. કુમારસ્વામીએ કહ્યું કે ૩ સપ્ટેમ્બરના રોજ નવા મુખ્યમંત્રી શપથ લેશે. એ અગત્યનું નથી કે હું કેટલાં સમય માટે મુખ્યમંત્રી રહું. મારા માટે મહત્વપૂર્ણ એ છે કે હું જેટલા દિવસ પણ રહું મારા કામથી મારું ભવિષ્ય સુરક્ષિત કરું.

મુખ્યમંત્રી કુમારસ્વામીના આ નિવેદનના ઠીક એક દિવસ પહેલાં પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે તેઓ ફરીથી મુખ્યમંત્રી બની શકે છે. હાસનની એક જનસભામાં સિદ્ધારમૈયાએ કહ્યું કે જનતાના આશીર્વાદથી એક વખત ફરીથી રાજ્યના મુખ્યમંત્રી બનીશ. તેમણે કહ્યું કે તેમણે ફરીથી મુખ્યમંત્રી બનતા રોકવા માટે વિપક્ષે પરસ્પર હાથ મિલાવી લીધા અને મોટાપાયા પર જાતિ કાર્ડ અને ધન બળનો સહારો લેવામાં આવ્યો.

## સરકારી બેંકોની ૭૦ વિદેશી શાખા બંધ થવાની તૈયારી

**ખર્ચના મોરચે સ્થિતિ મજબૂત કરવાનો હેતુ : એક જ શહેર અથવા તો આસપાસના વિસ્તારોમાં કેટલીક શાખાઓને તર્કસંગત બનાવવા ઉપર કામ ચાલી રહ્યું છે**

નવીદિલ્હી, તા. ૨૬

જાહેર ક્ષેત્રની બેંક (પીએસબી)ની ૭૦થી વધુ વિદેશી શાખાઓ બંધ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ખર્ચના મોરચા ઉપર સ્થિતિને મજબૂત કરવાના હેતુસર આશરે ૭૦ વિદેશી શાખાઓ અથવા તો ઓફિસોને બંધ કરવા અથવા તો તર્કસંગત બનાવવાની દિશામાં કામ થઈ રહ્યું છે. બિનજરૂરી વિદેશી સંચાલનને બંધ કરવામાં આવશે. કાર્યકુશળતા હાસલ કરવા માટે એક જ શહેર અથવા તો આસપાસના વિસ્તારોમાં કેટલીક શાખાઓને તર્કસંગત બનાવવામાં આવશે. આજ દિશામાં જાહેર ક્ષેત્રની બેંકની ચાલુ નાણાંકીય વર્ષમાં ૭૦ વિદેશી શાખાઓને બંધ કરવા અથવા તો તર્કસંગત બનાવવાની યોજના રહેલી છે. ગયા વર્ષે સરકારી બેંકોએ ૩૫ વિદેશી શાખાઓ બંધ કરી નાંખી હતી. આંકડાઓના કહેવા મુજબ જાહેર ક્ષેત્રની વિદેશોમાં ૧૫૯ શાખાઓ ચાલી રહી છે જે પૈકીની ૪૧ શાખાઓ ૨૦૧૬-૧૭માં નુકસાનમાં ચાલી રહી હતી. ભારતીય સ્ટેટ બેંકની નવ વિદેશી શાખાઓ નુકસાનમાં ચાલી રહી છે જ્યારે બેંક ઓફ ઈન્ડિયાની આઠ અને બેંક ઓફ બરોડાની સાત શાખાઓ નુકસાનમાં ચાલી રહી છે. જાહેર ક્ષેત્રની બેંકોની ૩૧મી જાન્યુઆરી ૨૦૧૮ સુધી આશરે ૧૬૫ વિદેશી શાખાઓ ઉપરાંત સંયુક્ત કામગીરી અને પ્રતિનિધિ ઓફિસો પણ રહેલી છે. એસબીઆઈની સૌથી વધારે વિદેશી શાખાઓ બાવન રહેલી છે. ત્યારબાદ બેંક ઓફ બરોડાની ૫૦ અને બેંક ઓફ ઈન્ડિયાની ૨૯ શાખાઓ રહેલી છે. સરકારી બેંકોની સૌથી વધુ શાખા બ્રિટનમાં ૩૨, હોંગકોંગમાં ૧૩ અને સિંગાપોરમાં ૧૨ છે.

## સુધારેલી ફ્લેક્સી ભાડાની સ્કીમ ટૂંક સમયમાં શરૂ કરવાની તૈયારી

**ફ્લેક્સી ભાડાના સંદર્ભમાં ટૂંકમાં અંતિમ રૂપરેખા જારી યાત્રીઓને રાહત આપવા રેલવેની ગણતરી જારી**

નવી દિલ્હી, તા. ૨૬

રેલવે દ્વારા સુધારવામાં આવેલી ફ્લેક્સી ભાડા સ્કીમ આગામી મહિનામાં રજૂ કરવામાં આવી શકે છે જેના પરિણામ સ્વરુપે યાત્રીઓને કેટલીક રાહત મળી શકે છે. યાત્રીઓ પ્રિમિયમ ટ્રેનો માટે વિમાની ભાડા જેટલી જ રકમ ખર્ચ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં રેલવે દ્વારા આ સ્કીમને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરીને સુધારવામાં આવેલી સ્કીમ લાવવામાં આવી રહી છે. કેટલીક ઓળખી કાઢવામાં આવેલી ટ્રેનોમાં વ્યસ્ત મહિનાઓ સિવાયના ગાળામાં અનુભવ જોયા બાદ આ નિર્ણય કરાયો છે. વ્યસ્ત ગાળા સિવાય કેટલીક ટ્રેનોમાં ૩૦ ટકા ટ્રેન જ ભરેલી હોય છે. અન્ય વિકલ્પો પર વિચારણા ચાલી રહી છે. હમસફર ટ્રેનોમાં ઉપયોગ કરવામાં આવી રહેલી ફોર્મ્યુલાના આધાર પર આ સ્કીમમાં સુધારા ચાલી રહ્યા છે. હમસફર ટ્રેનોમાં પ્રથમ ૫૦ ટકા બર્થ મૂળભૂત કિંમત કરતા ૧૫ ટકા ઉંચી કિંમતે વેચવામાં આવે છે. જ્યારે આ સ્લેબ ત્યારબાદ વેચાતી બર્થના દરેક ૧૦ ટકા સાથે બદલાઈ જાય છે. આવી જ રીતે સરકાર ઓછા વ્યસ્ત રુટ ઉપર આ સ્કીમ હેઠળ સ્પેશિયલ ડિસ્કાઉન્ટ લાવવાના વિકલ્પ ઉપર પણ કામ કરી રહી છે. આ પ્રકારની એક યોજના માટે અંતિમ સ્વરુપ આગામી સપ્તાહમાં આપવામાં આવી શકે છે. અધિકારીઓના કહેવા મુજબ યાત્રીઓને આના લીધે ચોક્કસપણે ફાયદો થશે. આંકડાઓની વાત કરવામાં આવે તો પ્રિમિયમ ટ્રેનો દ્વારા નવમી સપ્ટેમ્બર ૨૦૧૬થી લઈને જુલાઈ ૨૦૧૭ના પોસ્ટ ફ્લેક્સીના ગાળા દરમિયાન ૨.૪૦ કરોડ યાત્રીઓને યાત્રા કરાવી છે. કેગના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ૯મી સપ્ટેમ્બર ૨૦૧૫થી ૩૧મી જુલાઈ ૨૦૧૬ વચ્ચેના પ્રિફ્લેક્સીના ગાળા દરમિયાન ૨.૪૭ કરોડ યાત્રીઓને યાત્રા કરાવી હતી. કેગના આ અહેવાલ બાદ રેલવે દ્વારા જુદા જુદા વિકલ્પો ઉપર વિચારણા કરવામાં આવી રહી છે જેને લઈને ટૂંકમાં નિર્ણય થશે.

## એશિયન ગેમ્સમાં ભારતને વધુ પાંચ રજત ચંદ્રક



જાકાર્તા,તા.૨૬

એશિયન ગેમ્સ ૨૦૧૮માં આઠમાં દિવસે હજુ સુધી ભારતને પાંચ સિલ્વર મેડલ મળી ચુક્યા છે. શાનદાર દેખાવનો દોર જારી રહ્યો છે. આ પાંચ સિલ્વર મેડલ પૈકી ત્રણ એથ્લેટિક્સમાં મળ્યા છે જે પૈકી હિમાદાસ ૪૦૦ મીટર, મોહમ્મદ અનસ ૪૦૦ મીટર પુરુષ અને દુતી ચંદ ૧૦૦ મીટરમાં સિલ્વર મેડલ જીતી ગયા છે. બે સિલ્વર ઘોડેસવારીમાં મળ્યા છે. આજે પ્રથમ સિલ્વર મેડલ ફવાદ મિર્ઝાએ સિંગલ્સમાં જીત્યો હતો. ત્યારબાદ બીજો સિલ્વર મેડલ ટીમ ગેમમાં જીત્યો હતો. સાયના નેહવાલ અને પીવી સંધુની જોડીએ ડબલ્સમાં સેમિફાઈનલમાં પહોંચીને ઈતિહાસ સર્જ્યો હતો. આ ઉપરાંત તિરંદાજીમાં પણ ભારતે ફાઈનલમાં પહોંચીને કુલ ત્રણ મેડલ પાકા કરી લીધા છે. દુતી ચંદે ૧૦૦ મીટર ફાઈનલમાં સિલ્વર જીત્યો હતો. ફવાદે સેનોર મેડિકોટ નામના ઘોડાની સાથે ફાઈનલમાં ૨૬.૪૦ સેકન્ડમાં પોતાની સ્પર્ધા પૂરી કરી બીજો નંબર પ્રાપ્ત કર્યો. પાંચ વર્ષની ઉંમરથી ઘોડેસવારી શીખી રહેલા ફવાદે ૨૦૧૪માં થયેલી એશિયન ગેમ્સમાં આ સ્પર્ધામાં ૧૦મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એશિયાડમાં આ તેમનો પહેલો મેડલ છે. આ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જાપાનના યોશિયાકી ઓઈવાએ પોતાને નામે કર્યો. તો ચીનના એલેક્સ હુઆને બ્રોન્ઝ મેડલથી સંતોષ કરવો પડ્યો. ગઈકાલે ૧૮મી એશિયન ગેમ્સના સાતમાં દિવસે ભારતના તજિંદરપાલસિંહ તૂરે પુરૂષોના શોટપૂટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો. તજિંદરપાલસિંહ મેદાનમાં સૌથી શક્તિશાળી દાવેદાર તરીકે મેદાનમાં ઉતર્યા હતા અને અપેક્ષા મુજબ જ જોરદાર દેખાવ કર્યો હતો. વર્તમાન સત્રમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરવાનો રેકોર્ડ તેમના નામ ઉપર જ છે. આ પહેલા તૂરનો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ દેખાવ ૨૦.૨૪ મીટરનો હતો જે ગયા વર્ષે હાંસલ કરવામાં આવ્યો હતો.

**એથ્લેટિક્સમાં ત્રણ તેમજ ઘોડેસવારીમાં બે સિલ્વર મેડલ મળ્યા : નેહવાલ અને પીવી સિંધૂની જોડી સેમિફાઇનલમાં**

Kalpesh Astro Services
Kalpesh Upadhyay
Jyotir- Gyata, Jyotir Bhusan(HNGU)
Astrology | Numerology | Match Making | Vastu Consultant
Your Life Need Positive Changes......
સમય ને પરખો તક ને ઝડપો
Scientific Solutions
Just Call and Hear from our Side
kalpeshastrologer
kalpeshastro.com
Kalpesh Upadhyay
+91 88666 50725
kalpeshupadhyay41@yahoo.in
321, Akshar Arcade, Opp Memnagar Fire Station Navrangpura Ahmedabad

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## કોંગ્રેસ-એનસીપી વચ્ચે બેઠકો માટે વાટાઘાટ ચાલુ

મુંબઈ,તા.૨૬

લોકસભા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ભલે સાથે સાથે ન યોજાઈ, પણ બન્ને વચ્ચે લાંબો ગાળો ન રહે એટલે મહારાષ્ટ્રના પક્ષોએ બન્નેની તૈયારીનો આરંભ કરી દીધો છે. ૨૦૧૪માં એકલા લડ્યા બાદ હવે બન્ને પક્ષે આગામી ચૂંટણી સાથે લડવાનો નિર્ણય લીધો છે.

આ સાથે લોકસભાની ચૂંટણીમાં બિન-ભાજપી પક્ષો સાથે આવી મહાગઠબંધન કરે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે ત્યારે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપીએ બેઠકની વહેંચણી મામલે ચર્ચા કરવાનું શરૂ કરી દીધું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ અશોક ચવ્હાણ અને એનસીપીના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલ વચ્ચે બિનસત્તાવાર બેઠક યોજાઈ હોવાનું માનવામાં આવે છે.

## ઈરાન પ્રચંડ ભૂકંપથી ફરીથી હચમચ્યુ : ૩૦૦થી વધુ ઘાયલ

**તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર છ નોંધાઈ : અનેક ઇમારત ધરાશાયી : ઇરાકમાં આંચકા : ૨૧થી વધુ આફ્ટરશોક્સ**

તહેરાન, તા. ૨૬

ઈરાનના કર્માનશા પ્રાંતમાં આજે છની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો જેના પરિણામ સ્વરુપે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. બીજી બાજુ આ ભૂકંપના કારણે ખુવારી પણ થઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવી રહ્યું છે કે, પ્રચંડ ભૂકંપના કારણે ઓછામાં ઓછા ચાર લોકોના મોત થઈ ગયા છે અને ૩૦૦થી પણ વધુ લોકો ઘાયલ થઈ ગયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આજે વહેલી સવારે ઈરાક સાથેની સરહદ નજીક પશ્ચિમી ઈરાન પર આ ભૂકંપ આવ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભૂકંપનું કેન્દ્ર તજેહાબાદ શહેરથી નવ કિલોમીટર અને જાવનરુડ શહેરથી ૩૦ કિલોમીટર અંતરે સ્થિત હતું. આ બંને શહેરો ઈરાન-ઈરાક સરહદ ઉપર સ્થિત છે. ભૂકંપ આશરે ૧૦ કિલોમીટર ભૂગર્ભમાં હોવાના કારણે વધારે નુકસાન થયું નથી. ઈરાનની ઈમરજન્સી સંસ્થાના કહેવા મુજબ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. પાટનગર તહેરાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. બીજી બાજુ બગદાદ ઈરાન સરહદથી ૩૪૨ કિલોમીટરના અંતરે સ્થિત છે. અનેક મકાનો ભૂકંપના કારણે ધરાશાયી થઈ ગયા હતા. અમેરિકાના ભૂકંપ સંબંધિત વિભાગે કહ્યું છે કે, ગયા વર્ષે પણ વિનાશકારી આંચકો આવ્યો હતો.

MANAGE BY :
rudraksh Catering Service
bansari Greens
Resort & Week-end-home
Best Destination For Wedding & Pre-Wedding Photoshot
Full Day Package
Welcome Drinks, Morning Break fast, Lunch & Hi – Tea, Dinner
Night Stay @ Rs. 7095/- For Couple
Half Day Package
Welcome Drinks, Morning Break fast, Lunch & Hi – Tea.
Special Discount on Group Booking
Package Include
Pool Table, Table Tennis, Carom Board, Chess, Cricket, Camel Cart
Swimming, Lawn Tennis, Basket Ball, Badminton, Volley Ball, Kids Play Station
(Costume Compulsory)
For Booking
+91 7283831234
+91 9924931224
+91 9825803299
*Condition Apply
Gandhinagar-Mahudi Road, Nr. Grambharti,Aluva, Gandhinagar.
E-mail: bansarigreen@gmail.com | www.bansrigreensresort.com